અપીલ અરજી નં.૧૨૯ તા.૯–૭–૧૦/૧૧

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૦–૬–૧૦ ની અરજીથી (૧) હરીટેક્ષ સિલ્ક ઈન્ડસ્ટ્રીઝ ૩૬૮ જી.આઈ.ડી.સી પાન્ડેસરા (૨) ભેરૂનાથ કરીયાણા તિરૂપતિ રો–હાઉસ ખરવાસા રોડ ડીંડોલી સુરત. ઉપરોકત બન્ને સંસ્થાઓ ધ્વારા ગુમાસ્તા લાઈસન્સ ધરાવે છે? તથા ગુમાસ્તા પ્રમાણે તેઓ રજા કયારે રાખે છે. (૩) ૨૩૧/એ,બી અવિર્ભાવ સોસાયટી –૨ માં લગાવેલ ટાવર ની કાયદેસરતા જેમકે સોસાયટી અને ભરચક વિસ્તારમાં મોબાઈલ ટાવર લગાવેલ છે તેની કાયદેસરતા તથા પરવાનગી અને પરવાનગી ન લીધી હોય તો કાર્યવાહીની વિગતો અંગે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૯–૭–૧૦ ની **SMC/FAP/** નં.૧૨૯/૨૦૧૦–૧૧

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૦–૬–૧૦ ની અરજીથી (૧) હરીટેક્ષ સિલ્ક ઈન્ડસ્ટ્રીઝ ૩૬૮ જી.આઈ.ડી.સી પાન્ડેસરા (૨) ભેરૂનાથ કરીયાણા તિરૂપતિ રો–હાઉસ ખરવાસા રોડ ડીંડોલી સુરત. ઉપરોકત બન્ને સંસ્થાઓ ધ્વારા ગુમાસ્તા લાઈસન્સ ધરાવે છે? તથા ગુમાસ્તા પ્રમાણે તેઓ રજા કયારે રાખે છે. (૩) ૨૩૧/એ,બી અવિર્ભાવ સોસાયટી –૨ માં લગાવેલ ટાવર ની કાયદેસરતા જેમકે સોસાયટી અને ભરચક વિસ્તારમાં મોબાઈલ ટાવર લગાવેલ છે તેની કાયદેસરતા તથા પરવાનગી અને પરવાનગી ન લીધી હોય તો કાર્યવાહીની વિગતો અંગે માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/૩૪૦ તા.૮–૭–૧૦ થી આપેલ જવાબ અધુરો હોવાનું તથા મુદ્દા નં.૨,૩ માટે કોઈ નિર્ણય મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૯–૭–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૮૭ તા.૧૬–૭–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં મુદ્દા નં–૩ ના પક્ષકાર જાહેર માહિતી અધિકારી /કચેરી અંગે સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૧૫૧૯ તા.૨૨–૭–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, ઉધનાઝોન તરફથી લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ અરજી અંગેના પત્ર નં.સા.ઝોન/અકણ/ આરટીઆઈ/૩૦૧ તા.૧૬–૬–૧૦ ના પત્રની નકલ, નોંધ વિભાગ, અરજદારને મુદ્દા નં.૨ અંગે આપેલ માહિતી અંગેના પત્ર નં.સાઈ.ઝોન/મહેકમ/૧૨૮૯ તા.૯–૭–૧૦ ના પત્રની નકલ તથા તે પોસ્ટ કર્યાના યુપીસી પુરાવાની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી મુદ્દા નં.૩ અંગે પક્ષકાર જાહેર માહિતી અધિકારી તરીકે કાર્યપાલક ઈજનેર ઉધનાઝોન જણાવેલ છે તે પત્રની નકલ અત્રે રજૂ કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી વધુ કોઈ વિગતો અપીલ તબકકે મળેલ નથી પરંતુ અરજદારે અરજી સાથે મળેલ માહિતી પત્રની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૦–૬–૧૦ ની મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી સાઉથઝોન ઉધના ખાતે કરવામાં આવેલ. કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૩૦૧ તા.૧૬–૬–૧૦ થી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને અરજી આંશિક તબદીલ કરવામાં આવેલ.જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન કક્ષાએથી પત્ર નં.સા.ઝોન/અકણ/ ૩૪૦ તા.૮–૭–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૧૨૮૯ તા.૯–૭–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જેના સંદર્ભે અરજદારે મુદ્દા નં. ૧ માટે અધૂરો જવાબ તે રજા કયારે રાખે છે તે જણાવેલ નથી જયારે મુદ્દા નં.૨ તથા ૩ બાબતે કોઈ નિર્ણય કે જવાબ મળેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે અને તેમના વિરુધ્ધ પગલા ભરવાની રજૂઆત કરેલ છે. જેમાં મુદ્દા નં. (૧) હરીટેક્ષ સિલ્ક ઈન્ડસ્ટ્રીઝ ૩૬૮ જી.આઈ.ડી.સી પાન્ડેસરાના સંસ્થાના ગુમાસ્તા બાબતે પુછેલ પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી ''હરિટેક્ષ સિલ્ક ઈન્ડ.જીઆઈડીસી, પાંડેસરાના માલિક ધ્વારા ગુમાસ્તા કાયદા હેઠળનું નોંધણી પ્રમાણપત્ર મેળવવામાં આવેલ છે. સંસ્થાના અઠવાડીક રજા અંગે મે.કમિ.શ્રીના તા.૨૨–૯–૮૬ ના હુકમ અનુસાર સદર વિસ્તાને માટે અઠવાડીક રજાનો દિવસ રવિવાર નકકી કરેલ છે. પરંતુ જાહેરનામાની નીચેની નોંધ અનુસાર વીજળી પુરવઠા વપરાશ કે નિયંત્રણ માટેના સાપ્તાહીક દિવસને આધીન ફેરફારને પાત્ર છે. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે અપીલમાં અધૂરો જવાબ તે રજા કયારે રાખે છે તે જણાવેલ નથી. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ રજાનો દિવસ તે વિસ્તારનો રવિવાર જણાવેલ છે. તેમજ વીજળી પુરવઠા વપરાશ કે નિયંત્રણ માટે સાપ્તાહિક દિવસમાં ફેરફાર થાય તો તે મુજબ રજાના દિવસ રાખી છુટછાટ મેળવી શકે છે તેવું જણાવેલ છે. આમ અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. (૨) ભેરૂનાથ કરીયાણા તિરૂપતિ રો–હાઉસ ખરવાસા રોડ ડીંડોલી સુરત.

ઉપરોકત બન્ને સંસ્થાઓ ધ્વારા ગુમાસ્તા લાયસન્સ ધરાવે છે? તથા ગુમાસ્તા પ્રમાણે તેઓ રજા કયારે રાખે છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી ભેરૂનાથ કરીયાણા સ્ટોર્સએ ગુમાસ્તા લાયસન્સ લીધેલ છે ગુમાસ્તાધારા પ્રમાણે તેમની રજા શનિવારે રાખેલ છે. આમ મુદૃા નં.ર બાબતે અરજદારે માહિતી નહીં મળ્યાનું રજૂઆત કરેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી આપવામાં આવેલ છે. (૩) ર૩૧/એ,બી અવિર્ભાવ સોસાયટી –ર માં લગાવેલ ટાવર ની કાયદેસરતા જેમકે સોસાયટી અને ભરચક વિસ્તારમાં મોબાઈલ ટાવર લગાવેલ છે તેની કાયદેસરતા તથા પરવાનગી અને પરવાનગી ન લીધી હોય તો કાર્યવાહીની વિગતો અંગે માહિતી આપવા બાબત. જ બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી કોઈ માહિતી અરજદારને આપેલ જણાતી નથી અને માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. વધુમાં અરજદારે મુદૃા નં.૩ અંગે સદર વિસ્તાર અવિર્ભાવ સોસા. ગુજરાત હાઉસીંગ બોર્ડ પાંડેસરામાં આવેલ છે અને જેના પક્ષકાર જાહેર માહિતી અધિકારી કાર્યપાલક ઈજનેર ઉધનાઝોન અપીલ તબકકે જણાવેલ છે. આમ જાહેર માહિતી અધિકારીએ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પાડવાની રહે છે. જે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પૂરી પડાયેલ જણાતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૦–૬–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદૃા નં.૩ ની માહિતી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ધ્વારા નહીં પૂરી પડાયેલ હોય આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ પગલાં ભરવાની જોગવાઈ અંગે કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–ર૦ મુજબ રાજય માહિતી આયોગ ગુજરાત રાજય ગાંધીનગરને છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૮–૧૦

ડે.કમિશ્નર (જનરલ)<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન ... ..જાણ તથા અમલ માટે

(ર) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટૃ